Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૪૨ ● સળંગ અંક : ૧૧૩૦ ● પ્રકાશિત તા-૨-૯-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### વિવિધ વિકાસલક્ષી કાર્યોમાં આપશે હાજરી

# ૮ સપ્ટેમ્બરે PM મોદી બનશે ગુજરાતના મહેમાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવશે, જ્યાં વડોદરા અને નવસારીમાં વિવિધ ભવ્ય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાનના આગમનને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બરે પોતાના ગૃહ રાજ્ય ગુજરાતની મુલાકાતે આવશે, જ્યાં તેઓ વડોદરા અને નવસારીમાં વિવિધ વિકાસ કાર્યો અને સત્તાવાર કાર્યક્રમોમાં સહભાગી થશે. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ વડોદરા એરપોર્ટ પર આગમન બાદ તેઓ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે તેમજ વિશાળ જાહેર સભાને સંબોધિત કરશે. ત્યારબાદ બપોરે ૩ વાગ્યે હેલિકોપ્ટર દ્વારા નવસારી જવા રવાના થઈને નવસારીના નવા જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે અને સાંજે ૪ વાગ્યા પછી નવસારી હેલિપેડથી સુરત જવા માટે રવાના થશે.



PM મોદીનો ગુજરાત પ્રવાસનું સંપૂર્ણ શેડ્યૂલ

PM મોદી ૮ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે

PM મોદીના વડોદરા અને નવસારીમાં કાર્યક્રમોનું આયોજન

બપોરે ૧૨ વાગ્યાની આસપાસ વડોદરા એરપોર્ટ પર પહોંચશે

વડોદરા યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું PM કરશે ઉદ્ઘાટન-શિલાન્યાસ

આ જ કાર્યક્રમમાં એક જાહેર સભાને PM મોદી સંબોધિત કરશે

વડાપ્રધાનના કાર્યક્રમ પબાદ બપોરે ૩ વાગ્યે હેલિકોપ્ટર દ્વારા નવસારી જવા રવાના થશે

નવસારીમાં નવા જિલ્લા ભાજપ કાર્યાલય, 'નમો કમલમ'નું PM કરશે ઉદ્ઘાટન

સાંજે ૪ વાગ્યા પછી PM મોદી નવસારી હેલિપેડથી સુરત જવા રવાના થશે

નવસારીમાં નવા જિલ્લા ભાજપ કાર્યાલય, 'નમો કમલમ'નું PM કરશે ઉદ્ઘાટન

નવસારી ખાતે PM મોદીના આગમન બાદ જિલ્લા ભાજપના અત્યાધુનિક નવા કાર્યાલય 'નમો કમલમ'નું રીતસર ઉદ્ઘાટન કરશે. આ સંગઠનાત્મક કાર્યક્રમની પૂર્ણાહુતિ પછી તેઓ સાંજે ૪ વાગ્યાની આસપાસ નવસારી હેલિપેડથી સુરત જવા રવાના થશે અને ત્યાંથી આગળની યાત્રા કરશે. વડાપ્રધાનની આ અણમોલ મુલાકાતથી સમગ્ર મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# NEET પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને 'સુપ્રીમ' રાહત, તમામ FIR રદ

NEET-UG પેપર લીક સામેના વિરોધ પ્રદર્શનોમાં સામેલ વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી FIR અંગે સુપ્રીમ કોર્ટે મંગળવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કરીને કોર્ટે દિલ્હી અને ચાર રાજ્યોમાં દાખલ કરાયેલી FIR રદ કરવાનો આદેશ આપ્યો છે. વધુમાં કેન્દ્ર સરકારની કાર્યવાહી અને કોર્ટના આદેશને ધ્યાનમાં રાખીને CJPએ ૫ સપ્ટેમ્બરના રોજ યોજાનારી પોતાની આયોજિત કૂચ પાછી ખેંચી લીધી છે.

દિલ્હી ઉપરાંત, સુપ્રીમ કોર્ટે આસામ, મહારાષ્ટ્ર, બંગાળ અને બિહારમાં NEET વિરોધ સંબંધિત FIR રદ કરવાનો આદેશ આપ્યો હતો.આ કેસો ૨૦થી ૨૫ જુલાઈ દરમિયાન થયેલા વિરોધ પ્રદર્શનો સાથે સંબંધિત હતા.દિલ્હી પોલીસ અને ચાર રાજ્ય સરકારોએ કલમ ૧૪૨ હેઠળ આ કેસો રદ કરવા કોર્ટને વિનંતી કરી હતી.

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર વિરોધીઓ સાથેની વાતચીત દરમિયાન આપેલા વચનો પર અડગ છે. તેમણે જણાવ્યું હતું કે NEET વિરોધ દરમિયાન આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને વળતર આપવામાં આવશે. કેન્દ્રએ આ માટે ત્રણ મહિનાનો સમય માંગ્યો છે. વળતર પદ્ધતિ નક્કી કરવા માટે વિવિધ રાજ્ય સરકારો અને સંબંધિત હિસ્સેદારો સાથે ચર્ચા કરવામાં આવશે.

કોર્ટે વિરોધ પ્રદર્શનો સંબંધિત કેસોમાં રાહત આપી પરંતુ કેન્દ્રને ૨૮૭૩ વ્યક્તિઓ સામે નવી FIR દાખલ કરવાની મંજૂરી આપી જેમના પર ગુનાહિત રેકોર્ડ હોવાનો આરોપ હતો. સોલિસિટર જનરલે કોર્ટને માહિતી આપી કે આ વ્યક્તિઓનો ગુનાહિત રેકોર્ડ છે. સુનાવણી દરમિયાન વકીલ હરિહરને આ ૨૮૭૩ વ્યક્તિઓની યાદી માંગી હતી જેથી સ્પષ્ટ થાય કે તેમના ગુનાહિત રેકોર્ડના આધારે કોની સામે કાર્યવાહી કરવામાં આવશે. CJPના પ્રવક્તા સૌરવ દાસે કોર્ટને માહિતી આપી કે સંગઠને ૫ સપ્ટેમ્બરની આયોજિત કૂચ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યું કે આ નિર્ણય કેન્દ્રના સકારાત્મક આશ્વાસનો અને સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. કોર્ટે સૌરવ દાસનું નિવેદન નોંધ્યું. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે એમ પણ કહ્યું કે જો બંને પક્ષો એકબીજા પર વિશ્વાસ કરે છે તો વાતચીત દ્વારા સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે.

# ગાંધીનગરમાં સ્વાઈન ફ્લૂના કેસો નોંધાતા અમદાવાદમાં તંત્ર એલર્ટ

અમદાવાદ : અમદાવાદ-ગાંધીનગર વચ્ચે રોજિંદી અવરજવર અને બંને શહેરો વચ્ચેની સતત કનેક્ટિવિટીના કારણે ગાંધીનગરમાં સ્વાઈન ફ્લૂના વધતા કેસોએ અમદાવાદના આરોગ્યતંત્રની પણ ચિંતા વધારી છે. એક પછી એક ત્રણ કેસ સામે આવતાં ગાંધીનગરમાં સર્વેલન્સ વધારવામાં આવ્યું છે ત્યારે અમદાવાદમાં પણ શરદી, ઉધરસ અને તાવ જેવાં લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક સાધવા જણાવાયું છે. ગાંધીનગરમાં હવે ત્રીજો કેસ સામે આવતાં આરોગ્ય વિભાગે અમદાવાદમાં શરદી ખાંસી જેવાં લક્ષણો ધરાવતા દર્દીઓ પર સર્વેલન્સ વધુ સઘન કર્યું છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે રોજ હજારો લોકો નોકરી, શિક્ષણ, વેપાર અને સારવાર માટે અવરજવર કરે છે. તેથી પાડોશી શહેરમાં શ્વસનતંત્રના ચેપના કેસ વધતા હોય ત્યારે અમદાવાદમાં પણ લક્ષણો ધરાવતા દર્દીઓનું સમયસર ટેસ્ટિંગ અને ટ્રેકિંગ મહત્ત્વનું છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ, વૃદ્ધો અને અન્ય જોખમી જૂથોમાં ફ્લૂ જેવાં લક્ષણોને સામાન્ય શરદી માનીને અવગણવા નહીં. આરોગ્ય નિષ્ણાતોના મતે તાવ, સતત ઉધરસ, ગળામાં દુખાવો અથવા શ્વાસ લેવામાં તકલીફ જેવાં લક્ષણો જણાય તો જાતે દવા લેવાના બદલે તબીબી સલાહ લેવી અને જરૂરી હોય તો ટેસ્ટ કરાવવો.

શ્રાવણ માસ નિમિત્તે ફરાળીમાં ૭૦ થી વધુ વેરાઈટી
૨૦ વર્ષથી જુના અને જાણીતા
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
અશોક નમકીન ભંડાર
મીઠાઈઓ - કાજુકતરી મળશે
નાગપાંચમ નિમિત્તે ખાજા મળશે
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઓમાં તાજુ તેમજ ૧૦૦% શુદ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કૂલ રોડ, નવા વાડજ, અમદાવાદ. મો : ૯૮૨૪૧૪૧૯૧૭

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### AMCની નવી પહેલ સામે અનેક સવાલો..!?

# ભૂતકાળમાં અનેક વિસ્તારોમાં સ્માર્ટ પાર્કિંગ ફ્લોપ છતાં સીજી રોડ પર ફરી શરૂઆત

**સિંધુભવન, પ્રહલાદનગર અને મકરબામાં અગાઉનો પ્રયોગ નિષ્ફળ, હવે સીજી રોડ પર ૨૮૦ સ્માર્ટ પાર્કિંગ સ્લોટ, ડિજિટલ પેમેન્ટ ફરજિયાત, જાળવણી બનશે મોટો પડકાર**

અમદાવાદઃ શહેરમાં વધતી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને હળવી કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી છે. જોકે, અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલી આ જ પ્રકારની સ્માર્ટ પાર્કિંગ વ્યવસ્થા અપેક્ષા મુજબ સફળ ન રહી હોવાના કારણે સીજી રોડ પર શરૂ કરાયેલી નવી વ્યવસ્થા કેટલો સમય અસરકારક રીતે ચાલશે તે અંગે સવાલો ઊભા થયા છે.

AMCદ્વારા ગેરકાયદેસર અને અયોગ્ય પાર્કિંગને અટકાવવા તેમજ પાર્કિંગની વ્યવસ્થાને સુવ્યવસ્થિત બનાવવા માટે સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ સિસ્ટમ અંતર્ગત વાહનચાલકે નિર્ધારિત પાર્કિંગ સ્લોટમાં ફોર-વ્હીલર પાર્ક કરવાનું રહેશે. વાહન પાર્ક કર્યા બાદ ફ્લેપ બેરિયર આપમેળે લોક થઈ જશે. વાહન પરત લેતી વખતે ઊઇ કોડ સ્કેન કરીને UPI અથવા અન્ય ડિજિટલ માધ્યમથી પાર્કિંગ ફી ચૂકવ્યા બાદ જ બેરિયર અનલોક થશે. આ વ્યવસ્થામાં રોકડથી પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં.

મહત્વની બાબત એ છે કે આ પ્રકારની ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા શહેરના સિંધુભવન રોડ, પ્રહલાદનગર, મકરબા સહિતના વિસ્તારોમાં અગાઉ પણ શરૂ કરવામાં આવી હતી. જોકે, અનેક સ્થળોએ શહેરીજનો દ્વારા તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવ્યો ન હોવાનું સામે આવ્યું હતું.

કેટલાક વિસ્તારોમાં સ્માર્ટ પાર્કિંગના સાધનો પણ બિસ્માર કે તૂટી ગયેલા જોવા મળ્યા હતા. પાર્કિંગ સુવિધા શરૂ કર્યા બાદ તેના નિયમિત સંચાલન, જાળવણી અને લોકોમાં તેના ઉપયોગ અંગે જાગૃતિ જેવા મુદ્દાઓ પણ પડકારરૂપ બન્યા હતા. પરિણામે અલગ-અલગ વિસ્તારોમાં શરૂ કરાયેલી આ સુવિધા અપેક્ષિત સફળતા મેળવી શકી નહોતી.

આ અગાઉના અનુભવ વચ્ચે AMC દ્વારા તાજેતરમાં સ્ટેડિયમ ક્રોસ રોડથી પંચવટી ક્રોસ રોડ સુધીના સીજી રોડ વિસ્તારમાં ૨૮૦ ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ શરૂ કરવામાં આવ્યા છે. શહેરના સૌથી વ્યસ્ત અને વેપારી દ્દષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા સીજી રોડ પર પાર્કિંગની સમસ્યા લાંબા સમયથી જોવા મળે છે. આ સંજોગોમાં નવી સ્માર્ટ પાર્કિંગ વ્યવસ્થા વાહનચાલકો માટે કેટલી ઉપયોગી સાબિત થાય છે તે જોવાનું રહેશે.

AMC ને આશા છે કે નિર્ધારિત સ્લોટમાં જ વાહન પાર્ક કરવાની વ્યવસ્થા થવાથી રસ્તા પર થતું અયોગ્ય અને ગેરકાયદેસર પાર્કિંગ ઘટશે તેમજ ટ્રાફિક વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે.

બીજી તરફ, અગાઉના વિસ્તારોમાં આ જ સિસ્ટમના નબળા પરિણામોને જોતા શું સીજી રોડ પર આ વ્યવસ્થા ખરેખર સફળ થશે? સાધનોની જાળવણી કેવી રીતે થશે? લોકો તેનો નિયમિત ઉપયોગ કરશે કે નહીં? અને અગાઉની જેમ થોડા સમય બાદ પાર્કિંગ સિસ્ટમ નિષ્ક્રિય તો નહીં બની જાય? જેવા સવાલો ચર્ચાઈ રહ્યા છે.

હાલમાં તો નવી વ્યવસ્થાને કારણે સીજી રોડ પર પાર્કિંગની સમસ્યા હળવી થશે અને શહેરીજનોને નિર્ધારિત જગ્યાએ સુરક્ષિત રીતે વાહન પાર્ક કરવાની સુવિધા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરંતુ અગાઉના અનુભવોને જોતા ૨૮૦ સ્માર્ટ પાર્કિંગ સ્લોટ ખરેખર ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવે છે કે માત્ર વધુ એક પ્રયોગ બનીને રહી જાય છે, તેનો જવાબ સમય જ આપશે.

### આગામી તબક્કામાં દધીજી બ્રિજથી ભીમજીપુરા તરફ એક નવો અંડરપાસ

# વાડજ સર્કલ નજીક નવો ફોર લેન ફલાયઓવર તૈયાર

અમદાવાદના વાડજ સર્કલ નજીક નવો ૭૦૦ મીટરથી વધુ લાંબો ફોર-લેન ફલાયઓવર બ્રિજ બનીને સંપૂર્ણ તૈયાર છે. આ બ્રિજની કામગીરી છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી હતી. જે બાદ AMC દ્વારા આ સંપૂર્ણ પ્રોજેક્ટનું અંદાજિત આયોજન રૂ. ૧૦૭ કરોડનું હતું, જેમાંથી રૂ. ૭૦ કરોડના ખર્ચે હાલ આ ફલાયઓવર બ્રિજ તૈયાર કરાયો છે અને મનપા દ્વારા સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં તેનું લોકાર્પણ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.



આ બ્રિજ બનવાથી ઉસ્માનપુરા, રાણીપ, આશ્રમ રોડ, ભીમજીપુરા અને શાહીબાગ વચ્ચેની કનેક્ટિવિટી ખૂબ જ સરળ બનશે. જેનાથી રોજના ૧ લાખથી વધુ વાહનચાલકોને વાડજ સર્કલના ભારે ટ્રાફિક જામમાંથી કાયમી મુક્તિ મળશે. આ ફલાયઓવર બ્રિજ કાર્યરત થયા બાદ, ભવિષ્યમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવા માટે દધીજી બ્રિજથી ભીમજીપુરા તરફ એક નવો અંડરપાસ બનાવવામાં આવશે.

ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે આજથી ત્રણ વર્ષ પહેલાં આ બ્રિજની કામગીરી શરૂ કરવામાં આવી હતી. AMC દ્વારા અંદાજિત રૂ. ૧૦૭ કરોડના ખર્ચે આ સમગ્ર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હાલમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે ૭૦૦ મીટરથી વધુ લાંબો આ શાનદાર ફોર લેન ફલાયઓવર બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે. મનપા દ્વારા સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં આ બ્રિજનું લોકાર્પણ કરીને તેને જનતા માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

વાડજ સર્કલ પર પીક અવર્સમાં થતી ભારે ટ્રાફિક જામની સમસ્યાથી હવે લોકોને મોટી રાહત મળશે. આ બ્રિજ શરૂ થવાથી રોજના ૧ લાખ કરતા પણ વધુ વાહનચાલકોને સીધો ફાયદો થશે. આ ફલાયઓવરના નિર્માણથી ઉસ્માનપુરા, રાણીપ, આશ્રમ રોડ, ભીમજીપુરા અને શાહીબાગ વચ્ચેની કનેક્ટિવિટી ખૂબ જ સરળ અને ઝડપી બની જશે, જેનાથી વાહનચાલકોનો સમય અને ઇંધણ બંને બચશે.

વાડજ જંક્શનને સંપૂર્ણપણે ટ્રાફિકમુક્ત બનાવવા તંત્ર દ્વારા ભવિષ્યનું આયોજન કરાયું છે. આ નવો ફલાયઓવર બ્રિજ કાર્યરત થયા બાદ, પ્રોજેક્ટના આગામી તબક્કામાં દધીજી બ્રિજથી ભીમજીપુરા તરફ એક નવો અંડરપાસ બનાવાશે. આ સંપૂર્ણ પ્રોજેક્ટ પૂરો થતાં સમગ્ર વિસ્તારમાં વાહનોની અવરજવર એકદમ સરળ બની જશે.

### અમદાવાદમાં AMCની મેગા દબાણ હટાવો ઝુંબેશ

# અતિ વ્યસ્ત કાલુપુરથી ગીતામંદિર સુધી કાર્યવાહી, લારીઓ-ટેબલ સહિત ૧૧૯ વસ્તુઓ જપ્ત

અમદાવાદ : શહેરમાં જાહેર માર્ગો અને ફૂટપાથ પરના ગેરકાયદેસર દબાણો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મેગા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના વ્યસ્ત અને ટ્રાફિકની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા કાલુપુરથી ગીતામંદિર સુધીના વિસ્તારમાં AMCના મધ્ય ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા મેગા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન રસ્તા રોકીને બેઠેલા વેપારીઓ સામે લાલ આંખ કરીને કુલ ૧૧૯ જેટલી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

AMCની ટીમે ખાસ કરીને કાલુપુર રેલવે સ્ટેશન આસપાસના વિસ્તારોમાં કાર્યવાહી કરી હતી. રેલવે સ્ટેશન નજીક રસ્તા અને ફૂટપાથ પર વેપાર કે અન્ય પ્રવૃત્તિ માટે મૂકવામાં આવેલા દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગીતામંદિર બસ સ્ટોપની આસપાસ પણ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બંને વિસ્તારો શહેરના અત્યંત વ્યસ્ત વિસ્તારોમાં આવે છે, જ્યાં દિવસ દરમિયાન મોટી સંખ્યામાં વાહનો અને રાહદારીઓની અવરજવર રહે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૧ છતવાળી લારીઓ, ૧૯ વેપારી ટેબલ અને ૧૬ પ્લાસ્ટિકના સ્ટૂલ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત છ મોટી છત્રીઓ, ત્રણ કાઉન્ટર, ચાર ગેસના સગડા અને ત્રણ એલપીજી સિલિન્ડર પર જપ્ત કર્યા હતા.દબાણ તરીકે ઉપયોગમાં લેવાતા માલસામાનને દૂર કરવાથી રસ્તા અને રાહદારીઓ માટે ઉપલબ્ધ જગ્યા વધારવાનો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો.

કાલુપુર રેલવે સ્ટેશન અને ગીતામંદિર સેન્ટ્રલ બસ સ્ટેશન શહેરના મુખ્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ હોવાથી અહીં દૈનિક લાખો મુસાફરો તથા વાહનોની અવરજવર રહે છે. ફૂટપાથ પર ગેરકાયદે વેપાર અને પથારાના કારણે રાહદારીઓને જોખમી રીતે રસ્તા વચ્ચે ચાલવાની ફરજ પડતી હતી, જેના લીધે ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી. તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ કડક કામગીરીથી બંને મુખ્ય વિસ્તારોના રસ્તાઓ અને ફૂટપાથ ખુલ્લા થતાં ટ્રાફિક પ્રવાહ સરળ બન્યો હતો.

અમદાવાદમાં વધતા ટ્રાફિક અને રાહદારીઓની અવરજવરને ધ્યાનમાં રાખીને જાહેર જગ્યાઓને દબાણમુક્ત રાખવાનો મુદ્દો શહેરની ટ્રાફિક વ્યવસ્થાનો મહત્વપૂર્ણ ભાગ છે. કાલુપુરથી ગીતામંદિર સુધીની તાજેતરની કાર્યવાહી એ જ દિશામાં છસ્ઝના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.



## ગુજરાત હાઉસિંગ બોર્ડ હવે 'કાયદાનો દંડો' ઉગામશે?

# અનેક સોસાયટીઓના રીડેવલપમેન્ટના ટેન્ડર રદ કરવાની તૈયારીઓ...

### ૧૨૦ દિવસની ડેડલાઈન પૂરી છતાં 'ઝીરો પ્રોગ્રેસ'; બિલ્ડર-એસોસિયેશનની જવાબદારી નક્કી કરી બ્લેકલિસ્ટ કરવાની માંગ, નારણપુરામાં એક ટેન્ડર રદ કરાયું હોવાની ચર્ચાએ ખળભળાટ, હવે 'નોટિસ નહીં, સીધી કાર્યવાહી'ની તૈયારી?

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો અને હાઉસિંગ કોલોનીઓના રીડેવલપમેન્ટની પ્રક્રિયા રાજ્ય સરકારની રીડેવલપમેન્ટ પોલિસી અંતર્ગત ચાલી રહી છે. બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૪૦થી વધુ હાઉસિંગ કોલોનીઓ અને સોસાયટીઓના રીડેવલપમેન્ટ માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તેમાંથી અમદાવાદની ૬૦થી વધુ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા હાલ અલગ-અલગ તબક્કે ચાલી રહી છે. જોકે, બીજી તરફ કેટલીક સોસાયટીઓમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ લાંબા સમયથી વાસ્તવિક કામગીરીમાં કોઈ નોંધપાત્ર પ્રગતિ જોવા મળતી નથી.

આ પરિસ્થિતિને લઈને રહીશો અને સંબંધિત આગેવાનો દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડ સમક્ષ ફરિયાદો કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ફરિયાદોમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે કેટલીક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ માટે ટેન્ડર થયા બાદ પણ કામગીરી આગળ વધી નથી, જ્યારે નિયમો મુજબ નક્કી કરાયેલી સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં ટેન્ડર પ્રક્રિયા યથાવત રાખવામાં આવી રહી છે. હવે બોર્ડ દ્વારા આવા કિસ્સાઓમાં કડક વલણ અપનાવી ૨૦થી વધુ સોસાયટીઓના રીડેવલપમેન્ટ ટેન્ડર રદ કરવાની દિશામાં કાર્યવાહી થઈ શકે છે, તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

રહીશોની ફરિયાદ મુજબ, રીડેવલપમેન્ટ પોલિસીનો મૂળ હેતુ જૂના અને જર્જરિત હાઉસિંગ બોર્ડના મકાનોનો સમયસર રીડેવલપમેન્ટ કરવાનો છે. પરંતુ કેટલીક સોસાયટીઓમાં ટેન્ડર થયા બાદ પણ ડેવલપર તરફથી જરૂરી કાર્યવાહી સમયસર હાથ ધરાતી નથી. પરિણામે વર્ષો સુધી રહીશો અનિશ્ચિતતાની સ્થિતિમાં રહેવા મજબૂર બને છે.

નવા વાડજ વિસ્તારની વિશ્રામ પાર્ક, હરિઓમ એપાર્ટમેન્ટ, ગગનવિહાર એપાર્ટમેન્ટ અને નંદનવન એપાર્ટમેન્ટ સહિતની કેટલીક સોસાયટીઓ તથા નારણપુરા વિસ્તારમાં શ્રદ્ધાદીપ એપાર્ટમેન્ટ, ગણેશ, શ્રીનગર અને શિવાલય એપાર્ટમેન્ટ સહિતની સોસાયટીઓના રીડેવલપમેન્ટને લઈને પણ કામગીરીની ગતિ અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

ફરિયાદ કરનાર રહીશોનો મુખ્ય સવાલ એ છે કે જો ટેન્ડરમાં કામગીરી માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવી હોય અને તે સમયમર્યાદામાં કામગીરી આગળ ન વધે તો જવાબદાર પક્ષ સામે તાત્કાલિક કાર્યવાહી કેમ ન કરવામાં આવે?

મળતી માહિતી મુજબ, કેટલાક રીડેવલપમેન્ટ ટેન્ડરમાં કામગીરી પૂર્ણ કરવા માટે ૧૨૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જોકે, કેટલીક સોસાયટીઓમાં આ સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં ગ્રાઉન્ડ લેવલે કામગીરીમાં અપેક્ષિત પ્રગતિ જોવા મળતી નથી.આવા કિસ્સાઓમાં ટેન્ડર રદ કરવા, જવાબદાર ડેવલપર પાસેથી ખુલાસો માંગવા અથવા અન્ય કાયદેસરની કાર્યવાહી કરવા અંગે હાઉસિંગ બોર્ડ હવે ગંભીરતાથી વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળે છે.

કેટલાક રહીશોનો આક્ષેપ છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડની રીડેવલપમેન્ટ પોલિસીનો અમલ પારદર્શક રીતે થવાને બદલે કેટલીક જગ્યાએ બિલ્ડરોની અનુકૂળતા મુજબ થતો હોવાની સ્થિતિ સર્જાઈ છે. રહીશોના જણાવ્યા પ્રમાણે, એક તરફ ડેવલપર દ્વારા કામગીરી ધીમી ગતિએ કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ કડક નોટિસ કે કાર્યવાહી થતી નથી.રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં જો બિલ્ડર સમયસર કામગીરી ન કરે તો તેની સામે કાર્યવાહી થવી જોઈએ, પરંતુ દરેક કિસ્સામાં માત્ર ડેવલપરને જ જવાબદાર ગણવો યોગ્ય નથી, એવો મત પણ કેટલાક આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

એક આગેવાનના જણાવ્યા પ્રમાણે, જે સોસાયટીમાં રીડેવલપમેન્ટ માટે ચૂંટાયેલા ડેવલપરને જરૂરી સહકાર આપવામાં આવતો ન હોય અથવા એસોસિયેશનની બેદરકારીને કારણે પ્રક્રિયા અટકી હોય, ત્યાં પણ જવાબદારી નક્કી થવી જોઈએ.આવા કિસ્સાઓમાં જવાબદાર બિલ્ડરને બ્લેકલિસ્ટ કરવાની સાથે-સાથે ગંભીર બેદરકારી સાબિત થાય તો સંબંધિત સોસાયટી અથવા એસોસિયેશન સામે પણ નિયમસર કાર્યવાહી કરવાની જરૂરિયાત હોવાનું તેઓ માને છે.

**રીડેવલપમેન્ટ પોલિસીમાં દરેક તબક્કા માટે સમયમર્યાદા અને જવાબદારી નક્કી કરી શકાય**

ટેન્ડર મંજૂર થયા બાદ વર્ક ઓર્ડર આપવાની સમયમર્યાદા
વર્ક ઓર્ડર બાદ MOU કરવાની સમયમર્યાદા
MOU બાદ ટ્રાઈ-પાર્ટી એગ્રીમેન્ટ કરવાની સમયમર્યાદા
જરૂરી મંજૂરીઓ મેળવવાની સમયમર્યાદા
મકાન ખાલી કરાવવાની અને ડિમોલિશનની પ્રક્રિયાની સમયમર્યાદા
નવા બાંધકામની શરૂઆત અને પૂર્ણતાની સમયમર્યાદા
રહીશોને વૈકલ્પિક રહેઠાણ અથવા અન્ય નક્કી કરાયેલી સુવિધાઓ પૂરી પાડવાની સમયમર્યાદા

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નારણપુરાની એક સોસાયટીમાં ટેન્ડર થયા બાદ લાંબા સમય સુધી રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ ન થતાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તે સોસાયટીનું ટેન્ડર રદ કરવાનો નિર્ણય લેવાયો હોવાની ચર્ચા છે.આ ઉપરાંત, ફરીથી ટેન્ડર નહીં કરવા અંગે પણ ઠરાવ કરવામાં આવ્યો હોવાની માહિતી ચર્ચામાં છે. જો આ પ્રકારનું વલણ વ્યાપક બને તો લાંબા સમયથી અટવાયેલા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં જવાબદારી નક્કી કરવા માટે હાઉસિંગ બોર્ડ દ્વારા પ્રથમ વખત વધુ કડક કાર્યવાહીનો માર્ગ ખુલશે.

રીડેવલપમેન્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતોના મતે, માત્ર ટેન્ડર બહાર પાડવાથી રીડેવલપમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થતી નથી. ટેન્ડરથી લઈને અંતિમ બાંધકામ સુધીના દરેક તબક્કા માટે અલગ-અલગ સમયમર્યાદા નક્કી કરવી જરૂરી છે.એક રીડેવલપમેન્ટ નિષ્ણાતના જણાવ્યા પ્રમાણે, વર્ક ઓર્ડર મળ્યા બાદ બિલ્ડર અને સોસાયટીના રહીશો વચ્ચે MOU માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી થવી જોઈએ. ત્યારબાદ MOU પૂર્ણ થયા પછી હાઉસિંગ બોર્ડ, ડેવલપર અને સોસાયટીના રહીશો વચ્ચે થનારા ટ્રાઈ-પાર્ટી એગ્રીમેન્ટ માટે પણ નિશ્ચિત સમયમર્યાદા હોવી જોઈએ.જો નિર્ધારિત સમયમર્યાદામાં પ્રક્રિયા પૂર્ણ ન થાય તો હાઉસિંગ બોર્ડે બંને પક્ષોને નોટિસ પાઠવી વિલંબનું કારણ પૂછવું જોઈએ. જવાબમાં જે પક્ષની બેદરકારી કે નિષ્ક્રિયતા સાબિત થાય તેની સામે નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ.

નિષ્ણાતોના મતે રીડેવલપમેન્ટ પોલિસીમાં નીચેના દરેક તબક્કા માટે સમયમર્યાદા અને જવાબદારી નક્કી કરી શકાય:

ટેન્ડર મંજૂર થયા બાદ વર્ક ઓર્ડર આપવાની સમયમર્યાદા
વર્ક ઓર્ડર બાદ MOU કરવાની સમયમર્યાદા
MOU બાદ ટ્રાઈ-પાર્ટી એગ્રીમેન્ટ કરવાની સમયમર્યાદા
જરૂરી મંજૂરીઓ મેળવવાની સમયમર્યાદા
મકાન ખાલી કરાવવાની અને ડિમોલિશનની પ્રક્રિયાની સમયમર્યાદા
નવા બાંધકામની શરૂઆત અને પૂર્ણતાની સમયમર્યાદા
રહીશોને વૈકલ્પિક રહેઠાણ અથવા અન્ય નક્કી કરાયેલી સુવિધાઓ પૂરી પાડવાની સમયમર્યાદા

આ ઉપરાંત, દરેક તબક્કાની કામગીરીનું ડિજિટલ ટ્રેકિંગ કરવામાં આવે તો કયા પ્રોજેક્ટમાં વિલંબ છે અને તેના માટે કોણ જવાબદાર છે તેની માહિતી સરળતાથી મળી શકે.

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં ૧૪૦થી વધુ હાઉસિંગ કોલોનીઓ અને સોસાયટીઓના રીડેવલપમેન્ટ માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. અમદાવાદમાં જ ૬૦થી વધુ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા અલગ-અલગ તબક્કે ચાલી રહી છે.

આટલા મોટા પાયે રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હોવાથી તેમાં સમયમર્યાદા, પારદર્શિતા અને જવાબદારીનો મુદ્દો અત્યંત મહત્વનો બની જાય છે. એકાદ-બે પ્રોજેક્ટમાં વિલંબને બદલે જો મોટી સંખ્યામાં પ્રોજેક્ટ લાંબા સમય સુધી અટવાઈ જાય તો સમગ્ર રીડેવલપમેન્ટ પોલિસીના અમલ સામે જ સવાલો ઊભા થાય છે.

૨૦થી વધુ સોસાયટીઓના ટેન્ડર અંગે બોર્ડ કડક નિર્ણય લેવાની દિશામાં આગળ વધે છે તેવી ચર્ચાએ રીડેવલપમેન્ટ સાથે જોડાયેલા બિલ્ડરો, સોસાયટીના હોદ્દેદારો અને રહીશોમાં ચર્ચા જગાવી છે.

જો બોર્ડ ખરેખર નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલા અને લાંબા સમયથી કોઈ પ્રગતિ ન ધરાવતા પ્રોજેક્ટના ટેન્ડર રદ કરે છે, તો તે અન્ય રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે પણ એક પ્રકારનો સંદેશ બની શકે છે.

વર્ષોથી જૂના અને જર્જરિત મકાનોમાં રહેતા રહીશો માટે રીડેવલપમેન્ટ માત્ર વિકાસનો પ્રોજેક્ટ નથી, પરંતુ તેમના ભવિષ્યના રહેઠાણ અને મિલકત સુરક્ષાનો પ્રશ્ન છે. તેથી ટેન્ડર થયા બાદ વર્ષો સુધી કામગીરી ન થાય અને રહીશો અનિશ્ચિતતામાં રહે તેવી સ્થિતિ ટાળવી જરૂરી છે.

હવે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા લાંબા સમયથી અટવાયેલા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે શું નિર્ણય લેવાય છે, કેટલા ટેન્ડર રદ થાય છે, કયા ડેવલપર કે સોસાયટી સામે નોટિસ ફટકારવામાં આવે છે અને ભવિષ્યમાં સમયમર્યાદા માટે કયા નવા નિયમો બનાવવામાં આવે છે તેના પર રહીશો તેમજ રીડેવલપમેન્ટ ક્ષેત્રની નજર રહેશે.


100% PURE VEG PURE VEG. & A/c. સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની લક્ષ્મી વિજય હોટલ

પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન

રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## આગામી ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સને લઈને દરખાસ્ત

# અમદાવાદના વિકાસ માટે AMCએ સરકાર પાસે માગ્યા રૂપિયા ૩૬૩૬ કરોડ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશ (AMC)ને શહેરના વિકાસ માટે રૂ.૩૬૩૬ કરોડની ગ્રાન્ટ માટે રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત મોકલી છે. મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના હેઠળ નવા રોડ, રોડ રિપેરિંગ, બ્રિજ, હોસ્પિટલ, શાળા, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સ્વિમિંગ પૂલ અને લાઈબ્રેરી સહિત વિવિધ વિકાસકાર્યો હાથ ધરવાની યોજના છે.કમિટી અને ત્યારબાદ મ્યુનિસિપલ બોર્ડની મંજૂરી બાદ દરખાસ્તો રાજ્ય સરકારને મોકલવામાં આવશે. આ દરખાસ્તોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં મીની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, રસ્તા અને ટ્રાફિક સુવિધાઓ વિકસાવવાથી લઈને તળાવોના ઈન્ટરલિંકિંગ, પાણી અને ડ્રેનેજની કામગીરી, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, પરિવહન સેવાઓ તેમજ હોસ્પિટલોમાં દવા અને મેડિકલ સાધનોની ખરીદી જેવા કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રૂ.૩૧૫ કરોડની ગ્રાન્ટ સામે AMCએ રૂ.૪૭૨ કરોડના રોડવર્કની દરખાસ્ત કરી છે. લાંભા વિસ્તારમાં વ્હાઇટ ટોપિંગ રોડ ઉપરાંત ખાડિયા અને રિલીફ રોડના રસ્તાઓનું મિલિંગ કરીને રિસરફેસિંગ કરવાની યોજના છે. બોપલ, વેજલપુર, નારણપુરા, થલતેજ અને ચાંદખેડા સહિતના વિસ્તારોમાં નવા તથા વ્હાઇટ ટોપિંગ રોડ બનાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. શિવરંજનીથી ઇસ્કોન અને અન્ય મુખ્ય માર્ગોના વિકાસનો પણ સમાવેશ થાય છે.

શહેરની માળખાકીય સુવિધાઓ માટે રૂ.૨૫૩૫ કરોડની દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત મેડિકલ સાધનો અને દવાઓ માટે રૂ.૧૬૧ કરોડથી વધુની જોગવાઈ માગવામાં આવી છે. એલજી અને શારદાબેન હોસ્પિટલમાં ફર્નિચર સહિતની સુવિધાઓ વિકસાવવાની યોજના છે. બ્રિજ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૬ કરોડથી વધુની દરખાસ્ત કરવામાં આવી છે.

પાણીની સમસ્યાના ઉકેલ માટે રૂ.૭૫૨ કરોડની દરખાસ્ત કરવામાં આવી છે. વિવિધ વિસ્તારોમાં નવા STP, તળાવોના ઇન્ટરલિંકિંગ અને ડ્રેનેજની સમસ્યાના ઉકેલ માટે પણ કામો સૂચવાયા છે.

શાળાઓ માટે રૂ.૧૧૩ કરોડ, જ્યારે ટ્રાફિક વ્યવસ્થા માટે રૂ.૩૪ કરોડની દરખાસ્ત છે. મીની સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, અર્બન હેલ્થ સેન્ટર, ફાયર સ્ટેશન, વેજીટેબલ માર્કેટ, પાર્ટી પ્લોટ, સ્મશાન અને સિવિક સેન્ટર સહિતની સુવિધાઓ વિકસાવવાની પણ યોજના છે.

# અમદાવાદમાં કોમનવેલ્થ-ઓલિમ્પિક માટે તૈયારી, પરંતુ અનેક શાળાઓ 'મેદાન' વગર !

અમદાવાદ : એક તરફ ગુજરાત સરકાર અને અમદાવાદ શહેર ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬માં ઓલિમ્પિક્સ જેવી વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓની યજમાની મેળવવા અને તડામાર તૈયારીઓ કરવા માટે ઉત્સાહિત છે, ત્યારે બીજી તરફ શહેરનું શિક્ષણ જગત એક કડવી વાસ્તવિકતાનો સામનો કરી રહ્યું છે. અમદાવાદ શહેરમાં આવેલી ૨૦૦થી વધુ શાળાઓ પાસે પોતાનું રમતગમતનું મેદાન જ નથી. આ પરિસ્થિતિને કારણે હજારો વિદ્યાર્થીઓ દૈનિક શારીરિક પ્રવૃત્તિઓ અને રમતોથી વંચિત રહી રહ્યા છે.

રિપોર્ટ મુજબ, અમદાવાદમાં મેદાન વિહોણી શાળાઓની સ્થિતિ અત્યંત ગંભીર છે. સમગ્ર અમદાવાદ શહેર અને ગ્રામ્ય મળી જિલ્લામાં કુલ ૩૯૦ શાળાઓ પાસે પોતાનું મેદાન નથી. જેમાં ખાસ કરીને શહેરના ગીચ વિસ્તારોમાં આવેલી ૯૦ કરતાં વધુ પ્રાથમિક શાળાઓ અને ૧૧૦ કરતાં વધુ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મેદાનનો તદ્દન અભાવ જોવા મળે છે. જમીનની અછત અને કોમર્શિયલ સંકુલો કે ભાડાની મર્યાદિત જગ્યાઓમાં ચાલતી ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓને કારણે રમતના મેદાનની આ સમસ્યા વધુ વિકટ બની છે.

ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા શહેરી વિસ્તારોમાં જમીનની અછતને ધ્યાનમાં રાખીને શાળાઓ માટે રમતગમતના મેદાનના નિયમોમાં કેટલીક છૂટછાટો આપવામાં આવી છે, જે અંતર્ગત શહેરમાં શાળાની માન્યતા માટે ઓછામાં ઓછું ૮૦૦ ચોરસ મીટરનું મેદાન હોવું ફરજિયાત કરવામાં આવ્યું છે. જોકે, અમદાવાદ જેવા મહાનગરમાં ગીચ વસ્તી ધરાવતા વિસ્તારો અને કોમર્શિયલ સંકુલોમાં ચાલતી શાળાઓ માટે આ ૮૦૦ ચોરસ મીટરનું મેદાન પૂરું પાડવું પણ અત્યંત પડકારજનક સાબિત થઈ રહ્યું છે.


શહેરમાં અનેક શાળાઓ પાસે રમવાનું મેદાન કે પોતાનું ધાબું સુદ્ધાં નથી. આગામી સમયમાં જયારે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થવા જઈ રહ્યું છે, ત્યારે આવી શાળાઓમાં તાત્કાલિક વ્યાયામ શિક્ષકોની નિમણૂક કરવી અનિવાર્ય છે. જે શાળાઓ પાસે પોતાનું મેદાન નથી, પણ તેની ૧ કિલોમીટરની ત્રિજ્યામાં કોઈ સરકારી ગાર્ડન કે ખાલી પ્લોટ ઉપલબ્ધ હોય જે હાલ વગર વપરાશે પડ્યા રહ્યા છે તેવા પ્લોટ શાળાઓને રમતો માટે ટોકન ભાડે ફાળવી આપવા જોઈએ.

આ ઉપરાંત ખેલકૂદની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે. ગ્રાન્ટેડ શાળામાં કાર્યભાર પૂર્ણ થતો હોય ત્યાં એક વ્યાયમ શિક્ષક આપવો જોઈએ, પરંતુ જો કાર્યભાર પૂરો ન થતો હોય તો ત્રણ કે ચાર શાળા વચ્ચે એક વ્યાયમ શિક્ષક આપવો જોઈએ.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.